ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૪૨ ટકા

# અનાજ અને કઠોળના ભાવો વધતા થાળી મોંઘી બની

## ઈંધણના ભાવો વધતાં અનાજ-કઠોળ મોંઘા બન્યા : મધ્યમ વર્ગીય પરિવારો માટે બે છેડા ભેગા કરવા આકરું બન્યું



ગાંધીનગર, તા.૧૫

અનાજ-કઠોળના ભાવોમાં છેલ્લા ત્રણ માસમાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. અનાજ-કઠોળના ભાવોમાં ૩૦ થી ૪૦ ટકાનો વધારો થતાં થાળીનું ભોજન મોંઘુ બન્યું છે. મધ્યમવર્ગીય પરિવારો માટે તો જીવવું કપરું બન્યું છે.

મોંઘવારીએ છેલ્લા કેટલાક સમયમાં માઝા મુકી છે. દિન પ્રતિદિન જીવનાજરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવો વધી રહ્યા છે. છેલ્લા કેટલાક મહિનાઓથી પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં વધારો થયો છે. ઈંધણના વધેલા ભાવોની સીધી અસર ખાદ્યચીજોના ભાવો પર પડી રહી છે. અનાજ અને કઠોળના ભાવોમાં ૩૦ થી ૪૦ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. અનાજ અને કઠોળના ભાવો વધતા થાળી મોંઘી બની છે. હાલમાં શાકભાજીના ભાવો પણ ખૂબ વધારે છે જેના કારણે ગૃહિણીઓ પરેશાન જોવા મળી રહી છે.

ગૃહિણીઓ માટે હાલના દિવસો પસાર કરવા અઘરાં બન્યા છે. મધ્યમવર્ગીય પરિવારો માટે તો બે છેડા ભેગા કરવામાં મુશ્કેલી પડી રહી છે. ધંધા-રોજગાર હજુ હમણાં જ શરૂ થયા છે. અમુક ધંધા-રોજગારમાં તો હજુ મંદી જ જોવા મળી રહી છે. આવા સમયે જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવો વધતાં ગૃહિણીઓ માટે મુશ્કેલી ઉભી થઈ છે.

હજુ હમણાં જ શરૂ થયેલી હોટલો અને રેસ્ટોરન્ટના મેનુની આઈટમોના ભાવો વધારવાની પણ ફરજ પડી છે. માંડ માંડી ચાલી રહેલી હોટલો ભાવો વધારી ટકવાનો પ્રયાસ કરી રહી છે. જયારે કેટલીક હોટલ રેસ્ટોરન્ટસે કવોન્ટીટી ઘટાડીને ભાવ જાળવી રાખ્યા છે. હોટલ-રેસ્ટોરન્ટસના ધંધાર્થીઓ હાલમાં બેવડો માર સહન કરી રહ્યા છે.

**જન્મદિને વધામણી**



સીમા દવે
ફોન : ૨૩૨૬૦૫૬૨



અમૃતલાલ એમ પરમાર



મિહીરસિંહ મકવાણા
મો. ૯૪૨૪૯ ૭૫૩૪૬



જયંતિભાઈ જે રાવળ
ગીયોડ મંદિર



પ્રદિપ સોલંકી
(બેંન્ક મેનેજર)
સાપ તથા પક્ષી રેસ્ક્યુ
મો. ૯૮૨૪૨૫૬૪૧૦



અનાયા હરેશ પાલવીયા

# શહેરના વેપારી પાસેથી રૂ.૧૫ લાખની માંગ કરનાર ટોળકીને એલસીબી-૧ પોલીસે પકડી પાડી

## વેપારીનો અંગતપળોનો વિડીયો ઉતારી પૈસાની માંગણી કરી હતી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ માં ઝેરોક્ષની દુકાન ધરાવતા વેપારીને હનીટ્રેપનો ભોગ બનાવ્યો હતો. યુવતિ અને તેના મળતીયાઓએ સેકટર-૧૬ ખાતે આવેલી હોટલમાં લઈ જઈને વેપારીનો અંગતપળોનો વિડીયો ઉતારી સોશ્યલ મિડીયામાં વાયરલ કરી દેવાની તેમજ બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી વેપારી પાસે રૂ.૧૫ લાખની માંગ કરી હતી. વેપારીના ઘરે જઈને પણ યુવક-યુવતિએ હોહા કરી મુકી હતી. ત્યારે આ વેપારીને મિત્રોએ હિંમત આપતા સેકટર-૨૧ પોલીસ મથકમાં ફરીયાદ નોંધવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ ગુનાને ગંભીરતાથી લઈને વેપારીને હેરાન પરેશાન કરનાર ટોળકીને પકડી પાડવા માટે સુચના આપી હતી. જેને પગલે એલીસીબી પીઆઈ જે.જી.વાઘેલાએ સ્ટાફના માણસોને સતર્ક રહીને ટોળકીને પકડી પાડવા માટે બાતમીદારોને સક્રિય કરવા માટે કહ્યું હતું. પીએસઆઈ એ.જી.એનુરકાર અને ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે સમયે કોન્સ્ટેબલ ધિરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે વેપારી પાસેથી રૂપીયા ની માંગ કરનાર આરોપીઓ સેકટર-૩૦ સર્કલથી ચિલોડા તરફ એકઠા થયા છે અને ભાગી જવાની ફિરાકમાં છે. જેથી તાત્કાલીક પોલીસની ટીમ બાતમીવાળી જગ્યાએ પહોંચી જઈને યુવતિ સહિત આ ચારેય ઓપીઓને



દબોચી લીધા હતા. જેમાં કાજલકુમારી ઉર્ફે પાયલ રાજેન્દ્રભાઈ કોરી (રહે.ગાંધીનગર મુળ ઉતરપ્રદેશ), વિશાલ ઉર્ફે વનરાજ ભરતભાઈ મોદી (રહે.એમ -૩૨-૩૭૫ સેકટર-૨૪ મુળ રાજસ્થાન), ભરત ઉર્ફે વિરાટ બાબુભાઈ ઠાકોર (રહે.સંજરીપાર્ક સોસાયટી પેથાપુર મુળ હરીપુરા તા.સમી) અને જયકુમાર નિતિનભાઈ રાવલ (રહે પ્લોટ નં.૬૦૫-૨ કિસાનનગર સે-૨૬ મુળ સોજા તા.કલોલ)નો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓની પુછતાછ કરતા જાણવા મળ્યુ હતુ કે વનરાજ સે-૨૧ ખાતે ગરબા ડાન્સ કલાસ ચલાવતો હતો. જયારે ભરત અને પાયલ પણ ડાન્સ કલાસમાં જતા હોવાથી ઓળખાણ થઈ હતી. વનરાજને દેવું થઈ ગયુ હતું અને યુવતિ કાજલ તેમજ ભરતને પણ પૈસાની જરુર હોવાથી રાતોરાત રૂપીયા કમાવવા માટે વેપારીને પ્રેમજાળમાં ફસાવી પૈસા પડાવવાનો પ્લાન ભરતે પાયલ અને વનરાજને આપ્યો હતો. હાલના સમયે તો પોલીસે ચારેય આરોપીઓની ધરપકડ કરી અન્ય કોઈ આ પ્રકારના ગુના આચર્યા છે કે કેમ તે દિશામાં તપાસ આદરી છે. પોલીસે આરોપીઓ પાસેથી ચાર મોબાઈલ અને વિડીયો કબ્જે કરી વધુ પુછપરછ શરુ કરી છે.



જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન દ્વારા દેલવાડા ગામમાં ઘરે ઘરે ફરીને કોરોનામાં રોગપ્રતિકારક શકિત વધારનાર આરોગ્ય ઉકાળા ચૂર્ણ પેકેટનુ વિતરણ કરાયું હતું અને લગભગ ૩,૦૦૦ જેટલા ઉકાળા ચૂર્ણ પેકેટનુ આખા ગામમાં વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં જાયન્ટસ પરીવારના તથા દેલવાડાના વતની એવા વેટરનરી ડૉ.તુલસીભાઈ પટેલ, જા.વે.ફા.૩સી ના બ્રાન્ચ પ્રમુખ બી.એમ.પટેલ, પોપટભાઈ પટેલ, વસંતભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, જયંતીભાઈ મુખી, વિષ્ણુભાઈ પટેલ તથા અન્ય યુવાનોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવામાં સિંહફાળો આપ્યો હતો.

# મહારાષ્ટ્ર સમાજ ભવન ખાતે વેકસીનેશન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર મહાનગર પાલિકા અને મહારાષ્ટ્ર સેવા સમાજ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે મહારાષ્ટ્ર સમાજ ભવન સેકટર-૨૧ ખાતે શ્રી સિધ્ધી વિનાયક સભાગૃહ ખાતે તા.૧૭ જુનને ગુરુવારના રોજ સવારે ૯.૦૦ કલાકે શહેરના ૪૫ વર્ષથી વધુ વય ધરાવતા નાગરીકો માટે વહેલા તે પહેલાના ધોરણે કોવિડ વેકિસીનેશનના કેમ્પનું ખાસ આયોજન કરાયુ છે. શહેરની જનતાને આ કેમ્પનો લાભ લેવા મહારાષ્ટ્ર સેવા સમાજ તરફથી અનુરોધ કરવામાં આવે છે. જયારે વેકસીન લેવા માટે આવનાર દરેક નાગરીક ભાઈ બહેનોએ પોતાનું ઓળખકાર્ડ સાથે લાવવાનું રહેશે તેમજ માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન કરવાનું રહેશે તેમ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી સુધીર.ર. વિચારે જણાવ્યું છે.

# સ્વજનના સ્વર્ગવાસ બાદ વધેલી દવાઓ જમા કરાવવા જુસીકાની અપીલ

ગાંધીનગર, તા.૧૫

કોરોના વાયસરમાં અનેક લોકોના મોત થયા છે. ચાલુ સારવાર દરમિયાન મોત થતા સ્વજન માટે લાવવામાં આવેલી અને વપરાયા વિનાની દવાઓ અર્થ વગરની બની જાય છે. ત્યારે ઘરે પડી રહેલી વપરાયા વિનની દવાઓ ગાંધીનગર શહેરની સેવાભાવી સંસ્થા જુનિયર સિટીજન કાઉન્સિલના સિવિલ હોસ્પિટલ સ્થિત કાર્યાલયમાં જમા કરાવવા અપીલ કરવામાં આવી છે.

જુનિયર સિટીજન કાઉન્સિલ દ્વારા જિલ્લાના નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, જે લોકોના સ્વજનો કોરોનામાં કે અન્ય બિમારીથી ગુજરી ગયા છે, તેમની સારવારની દવાઓ પડી રહી હોય તો અમને આપો. આ દવાઓને સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ લોકોને તબીબોની સલાહ મુજબ અપાશે. જો દવાની સમય મર્યાદા પુરી થઈ ગઈ હશે તો તેનો નાશ કરાશે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. શ્રીગોડ ભરતકુમાર પુરષોત્તમદાસ, ઉ.વ. જીઈબી કોલોની
- સ્વ. વણખર દિવ્યાબેન રામજીભાઈ, ઉ.વ. ૬૫, ભાણપુર, સા.કાં.
- સ્વ. પટેલ ચંદુભાઈ ધુળાભાઈ, ઉ.વ. ૮૦, સેકટર-૨૨
- સ્વ. રાવળ ચતુરભાઈ નાથાભાઈ, ઉ.વ. ૫૮, કાંઠા
- સ્વ. દંતાણી લત્તાબેન નગીનભાઈ, ઉ.વ. ૫૦, સેકટર-૧૪

# મોબાઈલ ટાવરોની બેટરી ચોરીના વધુ ૫ ગુનાનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૧૫

ચિલોડા-હિંમતનગર માર્ગ મહુન્દ્રા પાટીયા પાસેથી ચિલોડા પોલીસના સર્વેલન્સ સ્ટાફના જવાનોએ જીપ ડાલામાં રહેલી મોબાઈલ ટાવરોની ૧૦૦ નંગ બેટરી સહિત ૪ આરોપીને ઝડપી પાડ્યા હતા. આરોપીઓએ હિંમતનગર રૂરલ અને રખીયાલ વિસ્તારમાં આવેલા મોબાઈલ ટાવરમાંથી બેટરી ચોરી હોવાની કબુલાત કરી હતી. જેથી રખીયાલ પોલીસ મથકને આરોપીઓનો કબ્જો સોંપવામાં આવ્યો હતો. જેથી પોલીસે આરોપીઓના રીમાન્ડ મેળવી વધુ પુછપરછ કરતા આરોપીઓએ બીજા પાંચ ગુનાની કબુલાત કરી હતી.

મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લામાં આવેલા મોબાઈલ ટાવરોમાંથી બેટરીઓની ચોરી થતી હતી. આ કેસને ગંભીરતાથી લઈ જિલ્લા પોલીસ વડાએ કડક સુચના આપતા એલસીબી અને એસઓજી પોલીસની ટીમ પણ તે દિશામાં કામે લાગી ગઈ હતી. તે સમયે ચિલોડા પોલીસની સર્વેલન્સ ટીમે સફળતા મળી હતી. પોલીસે જીપડાલામાં રહેલા રામેશ્વરનાથ ચકોનાથ યોગી, ભગવતીલાલ બક્ષાવર જી ગુર્જર, પુરણનાથ ભીમનાથ યોગી અને ઉદેનાથ ધર્માનાથ યોગી, (તમામ રહે.એણાસણ ગામ જોગણી માતાના મંદિર નજીક તા.દસકોઈ અમદાવાદ)ને જીપ ડાલુ નં.જી.જે.૨૭.એકસ.-૮૦૪૧ તેમજ બેટરી નંગ-૧૦૦ અને ચોરી કરવાના સાધનો સહિત રૂ. ૮,૨૦,૫૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. આરોપીઓએ હિંમતનગર અને રખીયાલ વિસ્તારમાંથી બેટરી ચોરીની કબુલાત કરતા રખીયાલ પોલીસને કબ્જો સોંપ્યો હતો. આરોપીઓએ રખીયાલ વિસ્તારમાં આ પ્રકારની અન્ય સ્થળે કોઈ ચોરી કરી છે કેમ તે માટે રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ દરમિયાન પુછતાછમાં આરોપીઓએ બીજા પાંચ ગુનાની કબુલાત કરી હતી. જેમાં અસલાલી, કણભા, ડભોડા-૨ અને ચિલોડાનો સમાવેશ થાય છે. મોબાઈલ બેટરી ચોરીના કુલ ૭ ગુનાનો ભેદ ઉકેલાયો છે.

# અડાલજ પેટ્રોલ પંપ ખાતે માનવ ભ્રુણ મુકી જનાર મહિલા ઝડપાઈ

## લેડીઝ ટોઈલેટની પ્લાસ્ટીકની ડોલમાં કોઈ અજાણી વ્યકિત ભ્રુણ મુકી ગયું હતું

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર અડાલજ નજીક આવેલા બગ્ગા પેટ્રોલ પંપના લેડીઝ ટોઈલેટની ડોલમાં પાંચ થી છ માસના અવિકસીત મરણ ગયેલ નવજાત શીશુને મુકીને ભાગી જનાર આરોપી મહિલાને ગણતરીના કલાકોમાં અડાલજ પોલીસે પકડી પાડી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજેન્દ્રસિંહ ભવાનસિંહ તંવર (ઉં.૨૯ રહે વસ્ત્રાલ એ ૬૦૬ અક્ષરધામ હાઈટ્સ એસપી રીંગરોડ) એ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી કે ગત તા.૧૪ ના રોજ ૯.૩૦ કલાક પહેલા કોઈપણ સમયે અડાલજ બગ્ગા પેટ્રોલપંપ ખાતે આવેલા લેડીઝ ટોઈલેટની પ્લાસ્ટીકની ડોલમાં કોઈ અજાણી વ્યકિત નવજાત મરણ ગયેલ ભ્રુણ મુકી ગયું હતું. આ ભ્રુણ મુકનાર વ્યકિતને શોધવા માટે પોલીસે વિવિધ ટીમો બનાવી હતી. ત્યારબાદ ટેકનીલક સર્વેલન્સ થી પાંચ થી છ માસના માનવભ્રુણને પેટ્રોલ પંપના લેડીઝ ટોઈલેટમાં મુકીને નાસી જનાર મહિલાને પોલીસે પકડી પાડી છે. પોલીસે આરોપી મહિલા ભાવનાબેન ભરતભાઈ નાગજીભાઈ (ઉં.૩૩) બામોસણ ગામ તા.મહેસાણા ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચિલોડાથી હિંમતનગર વચ્ચે એક સાથે અનેક જગ્યાએ ઓવરબ્રિજની ધીમી કામગીરીથી ત્રસ્ત વાહનચાલકો

## દરેક જગ્યાએ એક સાથે કામગીરીથી આવન-જાવનના માર્ગોની ગંભીર હાલત : ત્રણ વર્ષ થયા છતાં એક પણ કામ પૂર્ણ થયું નથી

ગાંધીનગર, તા.૧૫

ચિલોડાથી હિંમતનગર તરફના નેશનલ હાઈવે નં. ૮ની હાલત હાડપિંજર જેવી થઈ ગઈ છે. ઠેર ઠેર ઓવરબ્રિજની કામગીરી અન્વયે થયેલા ખોદકામથી આવન-જાવન માર્ગો ભંગાર બની જતા વાહનચાલકો ત્રસ્ત બની ગયા છે. ગોકળગતિએ ચાલતી આ કામગીરી તમામ જગ્યાએ શરૂ કરી દઈ ટ્રાફીકને અડચણ પેદા કરી છે. એક સાથે કામગીરીના બદલે એક પછી એક કામ થયું હોત તો ઓવરબ્રિજની કામગીરી પુર્ણતા તરફ હોત તેવા અફસોસ સાથે વાહનચાલકોએ તંત્રના અંધેર વહીવટ તરફ બળાપો ઠાલવ્યો છે.



સરખેજ-ચિલોડા વચ્ચે આરંભાયેલું એક વર્ષ પહેલાનું ઓવરબ્રિજ સહિત છ માર્ગીય કામ પૂર્ણતાના આરે છે ત્યારે નેશનલ હાઈવે નં. ૮ ઉપર છેલ્લા ત્રણ વર્ષથી ચાલતા ઓવરબ્રિજ સહિતના છ માર્ગીય કામ હજુ હાલક ડોલક સ્થિતિમાં છે. દૈનિક ખુબ જ મોટી સંખ્યામાં ભારવાહનો સહિત નાના મોટા વાહનોની અવરજવરને અવરોધરૂપ બનેલા આ કામ પ્રત્યે તંત્રનું ધ્યાન ન હોવાનું જણાઈ રહ્યું છે. ચિલોડા પછીના દરેક ગામ આગળ ઓવરબ્રિજ કામ સંબંધી ખોદકામ કરી ટ્રાફિકને ડાઈવર્ઝન અપઈ રહ્યું છે જેથી ટ્રાફિકની દૈનિક સમસ્યા ઉભી થઈ છે. વધુમાં ૫ થી ૬ મીટરના અંતરે બમ્પ મુકી વાહનોને અટકાવી દેવાથી વાહનોની લાઈનો લાગી રહી છે. આ માર્ગ ઉપર એક પછી એક ઓવરબ્રિજ બનાવવાની કામગીરી કરવાની જરૂરિયાત હતી જે તરફ તંત્ર એ લાપરવાહી દાખવી છે.

# ઓનલાઈન શિક્ષણના પગલે સ્માર્ટ ફોનના વેચાણમાં વધારો



ગાંધીનગર, તા. ૧૫

કોરોનાની બીજી લહેર માંડ શાંત પડી છે અને સરકારે પ્રતિબંધો હટાવવાના શરૂ કર્યા છે જો કે હજુ શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લેવાયો નથી. પરંતુ બાળકોનું શિક્ષણ ઓનલાઈન શરૂ થઈ ચૂક્યુ છે. ઓનલાઈન શિક્ષણ શરૂ થતાં સ્માર્ટ ફોનના વેચાણમાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે.

કોરોના કાળમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. કોરોનાના કેસોમાં ભલે ઘટાડો આવ્યો હોય પરંતુ હજુ સુધી શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લેવાયો નથી. હજુ કોરોનાની ત્રીજી લહેરનો ભય છે. ત્રીજી વેવમાં બાળકોને સૌથી વધુ અસર થવાની સંભાવના હોવાથી રાજ્ય સરકાર હજુ બે-ત્રણ માસ સુધી શાળાઓ શરૂ કરવાના મુડમાં નથી.

કોરોના કાળમાં શાળાઓ બંધ છે ત્યારે નવુ શૈક્ષણિક સત્ર શરૂ થઈ ચૂક્યુ છે. મોટાભાગની શાળાઓમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. નવુ શૈક્ષણિક સત્ર પણ ઓનલાઈન જ શરૂ કરવાની જરૂર ઉભી થઈ છે. વળી દરેક જણને કોમ્પ્યુટર કે લેપટોપ પરવડે નહી તેથી ઓનલાઈન ક્લાસીસ એટેન્ડ કરવા માટે સ્માર્ટ ફોનની જરૂર રહે છે. નવુ શૈક્ષણિક સત્ર શરૂ થતાં જ શહેરમાં સ્માર્ટ ફોનના વેચાણમાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. અન્ય બધા જ ધંધા-રોજગારમાં ભલે મંદી હોય પરંતુ સ્માર્ટ ફોનના વેચાણમાં ખૂબ જ વધારો જોવા મળી રહ્યો છે.

મોબાઈલનો ઉપયોગ વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઈન એજયુકેશનમાં વધ્યો હોવાથી જુદી જુદી કંપનીઓ પણ અલગ અલગ ટીચર અને વિદ્યાર્થીઓ માટે એપ્લીકેશન વિકસાવી રહી છે જેથી ભણવામાં અને ભણાવવામાં સારું પડે.

વિવિધ બ્રાન્ડના સ્માર્ટ ફોન વેચતી દુકાનોમાં બાળકો અને તેમના માતા-પિતાની ભીડ જોવા મળી રહી છે. ઓનલાઈન ચીજવસ્તુઓનુ વેચાણ કરતી સાઈટ્સ પરથી પણ સ્માર્ટ ફોનની ખરીદી થઈ રહી છે. સ્માર્ટ ફોન ઉપરાંત મોટા સ્ક્રીન માટે ટેબ્લેટનું વેચાણ પણ વધ્યુ છે. શૈક્ષણિક સામગ્રીની સાથોસાથ ઓનલાઈન શિક્ષણના કારણે ઈલેક્ટ્રોનિક્સ ગેજેટ્સની ખરીદી વધી છે.